**હોમગાર્ડઝ અને બોર્ડરવીંગ હોમગાર્ડઝ દળ તથા નાગરિક સંરક્ષણ માટે ખાતાકીય ખરીદ સમિતિ (ડીપીસી) અને સેક્રેટરીએટ ડીપાર્ટમેન્ટલ પરચેઇસ કમિટિ (એસડીપીસી) ની રચના બાબત.**

ગુજરાત સરકાર
ગૃહવિભાગ
**ઠરાવ ક્રમાંકઃહગદ/૧૦૨૦૧૨/૧૯૩૫/ફ**
સચિવાલય,ગાંધીનગર
તારીખઃ-૪/૦૩/૨૦૧૪.

**વંચાણે લીધાઃ-**

(૧) ગૃહવિભાગના તા.૧૭/૪/૧૯૮૨ ના ઠરાવ ક્રમાંકઃહગદ/૧૦૮૧/૧૦૩૬/ફ.
(૨) ઉદ્યોગ અને ખાણવિભાગના તા.૨૮/૧/૨૦૦૩ ના ઠરાવ ક્રમાંકઃએસપીઓ/૧૦૨૦૦૨/ યુ.ઓ.આર.૨૪/ચ.
(૩) ઉદ્યોગ અને ખાણવિભાગના તા.૨૧/૫/૨૦૦૩ ના ઠરાવ ક્રમાંકઃએસપીઓ/૧૦૨૦૦૨/ યુ.ઓ.આર.૨૪/ચ.
(૪) ગૃહવિભાગના તા.૨૬/૮/૨૦૦૪ ના ઠરાવ ક્રમાંકઃહગદ/૧૦૨૦૦૩/૩૬૧૬/ફ.
(૫) ઉદ્યોગ અને ખાણવિભાગના તા.૨૭/૧૨/૨૦૧૧ ના ઠરાવ ક્રમાંકઃએસપીઓ/૧૦/૨૦૦૨/ યુ.ઓ.આર.૨૪/ચ.
(૬) ઉદ્યોગ અને ખાણવિભાગના તા.૧૮/૦૫/૨૦૧૧ ના પરિપત્ર ક્રમાંકઃએસપીઓ/૧૦૨૦૦૮/ ૭૯૪/ચ.

**-: ઠ રા વ :-**

રાજય સરકારની રોજબરોજની આવશ્યક ચીજવસ્તુઓની ખરીદ પ્રક્રિયામાં એકરૂપતા જળવાય તે હેતુથી ઉદ્યોગ અને ખાણ વિભાગના ઉકત ક્રમાંક(૨) અને (૩) ના ઠરાવથી વિવિધ પ્રકારની ખરીદ સમિતિઓ બનાવવાનું ઠરાવેલ હતું. જે અન્વયે ગૃહવિભાગ દ્વારા હોમગાર્ડઝ અને બોર્ડરવીંગ હોમગાર્ડઝ દળ તથા નાગરિક સંરક્ષણ માટે ખાતાકીય ખરીદ સમિતિ (ડીપીસી) અને સેક્રેટરીએટ ડીપાર્ટમેન્ટલ પરચેઇસ કમિટિ (એસડીપીસી) ની રચના ઉકત ક્રમાંક(૪) ના ઠરાવથી કરવામાં આવેલ છે.

જે તે ખરીદ સમિતિઓને સામાન્ય ખરીદી મંજુર કરવાની આપેલ સત્તાને ઘણો સમય થયેલ હોઇ, ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા જરૂરી વિચારણા કર્યા બાદ ઉકત ક્રમાંક (૫) મુજબના તા.૨૭/૧૨/૨૦૧૧ ના ઠરાવથી ઉદ્યોગ અને ખાણ વિભાગના સરખા ક્રમાંકના તા.૨૧/૫/૨૦૦૩ ના ઠરાવમાં નિયત કરવામાં આવેલ ખરીદ સમિતીઓને આપવામાં આવેલ નાણાકીય સત્તામાં નીચેના પત્રકમાં દર્શાવ્યા મુજબ સુધારો કરવામાં આવેલ છે.

**ખાતાકીય ખરીદ સમિતિ(ડીપીસી)**

| ક્રમ | ખરીદીનો પ્રકાર | તા.૨૮/૧/૨૦૦૩ ના ઠરાવથી નિયત નાણાકીય મર્યાદા (રૂપિયામાં) | તા.૨૭/૧૨/૨૦૧૧ ના ઠરાવથી નિયત નાણાકીય મર્યાદા (રૂપિયામાં) |
|---|---|---|---|
| ૧ | સામાન્ય ખરીદી | ૩૦(ત્રીસ) લાખ સુધી | ૫૦(પચાસ) લાખ સુધી |
| ૨ | સોલીટરી ઓફર | ૦૫(પાંચ) લાખ સુધી | ૦૫(પાંચ) લાખ સુધી |
| ૩ | રીપીટ ઓફર | ૦૫(પાંચ) લાખ સુધી | ૦૫(પાંચ) લાખ સુધી |

**(પાછળ)**

## સચિવશ્રીઓની વિભાગીય ખરીદ સમિતિ (એસડીપીસી)

| ક્રમ | ખરીદીનો પ્રકાર | તા.૨૮/૧/૨૦૦૩ ના ઠરાવથી નિયત નાણાકીય મર્યાદા (રૂપિયામાં) | તા.૨૭/૧૨/૨૦૧૧ ના ઠરાવથી નિયત નાણાકીય મર્યાદા (રૂપિયામાં) |
|---|---|---|---|
| ૧ | સામાન્ય ખરીદી | ૩૦(ત્રીસ) લાખથી ૧(એક) કરોડ સુધી | ૫૦(પચાસ) લાખથી વધુ ૩(ત્રણ) કરોડ સુધી |
| ૨ | સોલીટરી ઓફર | ૦૫(પાંચ) લાખથી ૧૦(દસ) લાખ સુધી | ૦૫(પાંચ) લાખથી વધુ ૩૦(ત્રીસ) લાખ સુધી |
| ૩ | રીપીટ ઓફર | ૧૫(પંદર) લાખ સુધી | ૦૫(પાંચ) લાખથી વધુ ૪૫(પીસતાળીસ) લાખ સુધી |
| ૪ | ઇમરજન્સી (આકસ્મિક) | ૧૦(દસ) લાખ સુધી | ૩૦(ત્રીસ) લાખ સુધી |

ઉધોગ અને ખાણ વિભાગની ખાતાકીય ખરીદ સમિતિઓની રચના અને સત્તા સોંપવા અંગે ક્રમાંક(૨) અન્વયેની સુચનાઓ ધ્યાને લઇ ગૃહવિભાગ દ્વારા હોમગાર્ડઝ અને બોર્ડરવીંગ હોમગાર્ડઝ દળ તથા નાગરિક સંરક્ષણ માટે ઉકત ક્રમાંક(૪) મુજબના તા.૨૬/૮/૨૦૦૪ ના ઠરાવથી ખાતાકીય ખરીદ સમિતિ અને સેક્રેટરીએટ ડીપાર્ટમેન્ટલ પરચેઇસ કમિટીની રચના કરવામાં આવેલ છે, આ સમિતિઓ યથાવત રહે છે. રોજીંદી વપરાશની ચીજ વસ્તુઓની ખરીદ કરવાની સત્તા અંગે **ઉકત ક્રમાંક(૧) મુજબનો તા.૧૭/૪/૧૯૮૨ નો ઠરાવ આથી રદ કરવામાં આવે છે** અને તમામ પ્રકારની ખરીદી કરતી વખતે ઉધોગ અને ખાણ વિભાગની વખતો વખતની સુચનાઓ તેમજ ગૃહવિભાગના ઉકત ક્રમાંક(૪) ની સુચનાઓ મુજબની કાર્યપધ્ધતિ નીચેની શરતોને આધીન અનુસરવાની રહેશે.

**શરતો:-**

(૧) હોમગાર્ડઝ દળ અને નાગરિક સંરક્ષણ માટે જરૂરીયાત મુજબની વાર્ષિક ખરીદી માટે બજેટ જોગવાઇ અનુસાર વર્ષમાં એક જ વાર એક સાથે ખરીદી કરવાની રહેશે.

(૨) વાર્ષિક જરૂરીયાત મુજબની ખરીદી ટુકડે ટુકડે કરવાની રહેશે નહી.

(૩) જે તે વર્ષ માટે કરવામાં આવેલ બજેટ જોગવાઇ મુજબ જ ખરીદી કરવાની રહેશે.

(૪) ખરીદી માટે ઇ-ટેન્ડીરીંગ કરવાની જરૂરીયાત જણાય તો ઉધોગ અને ખાણવિભાગના ઉકત ક્રમાંક(૬) મુજબના પરિપત્રની સુચનાઓ મુજબની કાર્યપધ્ધતિ અનુસરવાની રહેશે.

આ હુકમો નાણાંવિભાગની સરખાક્રમાંકની ફાઇલ પર તા.૧૩/૨/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ મેળવી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(સંજય પંડ્યા)**
ઉપસચિવ
ગૃહવિભાગ

પ્રતિ,

- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી,ગૃહવિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુકત સચિવશ્રી(કા.વ્ય), ગૃહવિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- નાણાસલાહકારશ્રી(ગૃહ), નાણાવિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
- ડાયરેકટર જનરલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, ટ્રાન્સફરી હોસ્ટેલ, શાહીબાગ, અમદાવાદ.
- સંયુકત નિયામકશ્રી, નાગરિક સંરક્ષણ, ગુજરાત રાજય, ટ્રાન્સફરી હોસ્ટેલ, શાહીબાગ, અમદાવાદ.
- અધિક ઉધોગ કમિશ્નરશ્રી(સ.ખ), ઉધોગ કમિશ્નરશ્રીની કચેરી,ઉધોગ ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ.
- શાખા સિલેકટ ફાઇલ.